જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ઼ઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૧૧/૨૦૨૦ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૯૧૭/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૬/૧૧/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૮ | ૦ | ૧૦૬૭૮ | ૧૬૮૧૨ | ૦ | ૧૬૮૧૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૧ | ૦ | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૨ | ૦ | ૫૨ | ૨૨૬ | ૦ | ૨૨૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૩૦૪ | ૭ | ૧૫૩૧૧ | ૧૬૧૪૮ | ૭ | ૧૬૧૫૫ |
| કુલ | | ૩૦૩૮૦ | ૭ | ૩૦૩૮૭ | ૩૯૦૪૭ | ૭ | ૩૯૦૫૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૭ | ૧૨,૯૮,૬૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૨૦૮ | ૧૨,૦૮,000/- |

# <u>પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

<u>દાણીલીમડા પોલીસ સ્ટેશન :</u>

(૧)

## <u>પ્રોહિબિશનનો કેસ શોધી કાઢતી દાણીલીમડા પોલીસ</u>

મે.ઇન્ચાર્જ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી દારુ/જુગારની અસામાજિક પ્રવુતિઓ શોધી કાઢવા અંગે મળેલ સુચના અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી એમ.એમ.લાલીવાલા સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના આર.એસ.ગોહિલ પો.સબ.ઇન્સ.તથા સાથેના સ્ટાફના હેડ.કોન્સ. કાનજીભાઇ અમીભાઇ બ.નં.૭૭૯૦ તથા હેડ.કોન્સ.જગદિશકુમાર ગણેશભાઇ બ.નં.૫૬૩૬ તથા પો.કો.ગોપાલ દેવાભાઇ બ.નં.૧૩૦૯ તથા પો.કો.વજાભાઇ દેહુરભાઇ બ.નં.૧૦૩૧૭ તથા પો.કો. જાહિદહુસેન અનવરહુસેન બ.નં.૧૨૮૩ વિગરે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ માં નીકળેલ તે દરમ્યાન સાથેના હેડ.કોન્સ. જગદિશકુમાર ગણેશભાઇ બ.નં.૫૬૩૬ તથા પો.કો.ગોપાલ દેવાભાઇ બ.નં.૧૩૦૯ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપીઓ (૧) રોહાનખાન સરવરખાન પઠાણ ઉ.વ.૧૯ રહે : જી/બી/૨ જાવેદ ફ્લેટ હાસમી ફ્લેટની બાજુમાં સરકારી ગોડાઉનની પાછળ શાહઆલમ અમદાવાદ શહેર (૨) સાદાબ યુનુસભાઇ શેખ ઉ.વ.૧૯ રહે : પ્રભુનગર વિ-૨ નરનારાયણ સોસા.ની પાસે દાણીલીમડા અમદાવાદ શહેર તેમજ નહિ પકડાયેલ ઇસમ હમીદખાન ઉર્ફે બચ્ચન મુનાવરખાન પઠાણ રહે : સરકારી ગોડાઉન પાછળ શાહઆલમ અમદાવાદ શહેર નાઓ ભારતીય બનાવટની વિદેશી દારુ McDowells No1 SUPERIOR WHISKY બ્રાન્ડની 750 ml ની સીલબંધ બોટલો નંગ-૪૮ કિ,રૂ,૨૪,000/ નો જથ્થો રામોલ ખાતે રહેતા અજ્જુ તથા સાદલા નામના ઇસમો પાસેથી વેચાણથી ખરીદ કરી લાવી પોતાના કબજામાં રાખી લઇ રેડ દરમ્યાન સદરી બંને આરોપીઓને ઉપરોકત સીલબંધ બોટલો નંગ-૪૮ કુલ્લે કિ.રૂ.૨૪,000/-તથા અલગ અલગ કંપનીના મો.ફોન નંગ-૨ કિ,રૂ,૧૩,000/ મળી કુલ્લે કિ,રૂ,૩૭,000/ ના મુદામાલ સાથે પકડી લઇ કાયદેસરની કાર્યવાહી કરી પ્રોહિ.નો કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

## પ્રોહિબિશનનો કેસ શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.ઇન્ચાર્જ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી દારૂ/જુગારની અસામાજિક પ્રવુતિઓ શોધી કાઢવા અંગે મળેલ સુચના અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી એમ.એમ.લાલીવાલા સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના આર.એસ.ગોહિલ પો.સબ.ઇન્સ.તથા સાથેના સ્ટાફના અનાર્મ હેડ.કોન્સ.ભરતભાઇ ધુળાભાઇ બ.નં.૩૩૧૮ તથા અપો.કો. વજાભાઇ દેહરુભાઇ બ.નં-૧૦૩૧૭ તથા પો.કો. ખુમાનસિંહ બળદેવભાઇ બ.નં.૭૨૮૮ તથા પો.કો.ઝાહિદહુસેન અનવરહુસેન બ.નં. ૧૨૮૩ તથા ટુ ગાડી સ્ટાફના અ.પો.કો.બુધાભાઇ મેરાભાઇ બ.નં.૧૪૨૧ તથા અ.લો.ર.યુવરાજ જીતેશભાઇ બ.નં.૧૧૭૨૫ તથા આ.પો.કો.મોસીનખાન લીયાકતખાન બ.નં.૨૮૬૮ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપીઓ (૧) સોહિલ ઉર્ફે કાલીયા સ/ઓ જાકીરભાઇ જાતે-ફકીર ઉ.વ.૨૯ રહે,ચામુંડાનગર ,હોકાબાજ કમ્પાઉન્ડ ,શેલ પેટોલ પંપની સામે દાણીલીમડા અમદાવાદ શહેર તથા (૨) મોહમદ મહેબુબ સ/ઓ નિઝામભાઇ જાતે-મીરાતી ઉ.વ.૨૯ રહે,નવાબ ચોક બશીર કિરાણા સ્ટોર્સની આગળ ચંડોળા તળાવના છાપરા ઇસનપુર અમદાવાદ નાઓ ફિરોજ ઉર્ફે બકરી મુસ્તકીમભાઇ શેખ રહે : સપ્તરુષીના આરે કાચા છાપરામાં બહેરામપુરા અમદાવાદ શહેર ના કહેવાથી નડિયાદ ખાતે રહેતા ગુલ્લુ નામના માણસ પાસેથી વગર પાસ પરમીટનો ગે.કા.૮૦ લીટર દેશીદારૂ કિ,રૂ,૧,૬૦૦/ ની મતાનો દારૂનો જથ્થો તેમના કબ્જાની સી.એન.જી.ઓટો રીક્ષા નં.GJ-27-TA-1031 કિ,રૂ,૮૦,૦૦૦/ ની અંદર ભરી લાવી રેઇડ દરમ્યાન સ્થળ ઉપરથી બંને આરોપીઓને ઉપરોકત ગે.કા.૮૦ લીટર દેશીદારૂ કિ,રૂ,૧,૬૦૦/ તથા સી.એન.જી.ઓટો રીક્ષા નં.GJ-27-TA-1031 કિ,રૂ, ૮૦,૦૦૦/ મળી કુલ્લે કિ,રૂ,૮૧,૬૦૦/ ના મુદામાલ સાથે પકડી લઇ કાયદેસરની કાર્યવાહી કરી પ્રોહિ.નો કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

# તડીપાર અટકાયતીની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન :

## તા.૦૫/૧૧/૨૦૨૦ ના રોજ શરીર સબંધી મિલકત્ત સબંધી ગુનાના આરોપીને તડીપાર કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓની સુચના મુજબ ઇ.પો.ઇન્સ શ્રી જે.આર.પટેલ સાહેબ નાઓના માર્ગદર્શન આધારે (૧)સોલા પો..સ્ટેશન સે.ગુ.ર.નં-૩૨૩૪/૨૦૧૮ ઇ.પી.કો.કલમ-૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨) જી.પી.એક્ટ કલમ ૧૬૫(૧) મુજબનો ગુનો તથા (૨) નરોડા ફ.ગુ.ર.નં-૦૧૧૯/૨૦૨૦ ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબ ગુના દાખલ થયેલ હતા. જેથી મદદનીશ પોલીસ કમિ શ્રી “ઇ” ડીવીઝન અમદાવાદ શહેર નાઓના ક્રમાક:જે/ડીવી/હદપ/૧૨/૨૦૨૦ તા-૨૨/૧૦/૨૦૨૦ ના હુકમ આધારે સદરી આરોપીને આજ રોજ તા-૦૫/૧૧/૨૦૨૦ ના કલાક ૧૮/૦૦ વાગે તડીપાર હુકમની બજવણી કરી સદર આરોપી ને પાટણ જીલ્લાની હદમાં આવેલ રાધનપુર પોલીસ સ્ટેશન ખાતે મોકલી આપવા તજવીજ કરી સારી કામગીરી કરેલ છે. તા-૦૫/૧૧/૨૦૨૦.

### આરોપીનુ નામ

પરવેશ સુરેશભાઇ સોની ઉ.વ.૪૧ રહે- ઇ/૩૦૧ શુકન– ૪ મીરામ્બીકા સર્કલ , નારણપુરા અમદાવાદ શહેર

### કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે સ્વોડ પો.સ.ઇ. ડી.કે.મોરી તથા એ.એસ.આઇ જયેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં-૭૦૩૯ તથા એ.એસ.આઇ. જેઠાભાઇ બહેચરભાઇ બ.નં.૮૦૩૨ તથા તથા જયેન્દ્રસિંહ કલ્યાણસિંહ બ.નં.૪૧૫૮ તથા પો.કોન્સ.પંકેશભાઇ ધનાભાઇ બ.નં. ૪૦૫૬ તથા પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં.૧૩૧૮૩ તથા પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૦૮૦૯ તથા પો.કોન્સ પ્રદિપકુમાર રામાભાઇ બ.નં-૧૦૩૬૧ તથા એલ.આર. ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર મયુરસિંહ કરણસિંહ બ.નં-૧૨૫૧૦ તથા એલ.આર વિક્રમ પ્રેમસિંહ બ.નં-૧૨૪૨૨ તથા એલ.આર અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫.

### આરોપીનો ફોટો -



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૧૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી ૩૩૭ લીટર દેશી દારૂ, ૧૯૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૯૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૦૦ બિયર ટીન, ૧ કાર, ૧ મોતર સાયકલ,૧ રિક્ષા અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૬,૪૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૧૯/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૯૨૦/૨૦૨૦**

**ક્રાઇમ બ્રાંચઃ** સંજીવભાઈ પ્રવિણચંદ્ર શાહ (ઉ.વ.૫૦)(રહે. નિરજા ફ્લેટ નવરંગપુરા પોસ્ટ ઓફીસ પાછળ નવરંગપુરા) એ તા.૦૬/૧૧/૨૦૨૦ નારોજ ક્રાઇમ બ્રાંચ ખાતે ફરીયાદ નોધાવી છે કે સને-૨૦૧૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન પાલડી સુવીધા શોપીંગ સેન્ટર સામે ચંદનબાળા ફ્લેટ ખાતે આરોપી (૧) તેજલ પ્રદિપ કુમાર ચોક્સી (૨) સોનાલીબહેન તેજલકુમાર ચોક્સી (૩) રુષભ તેજલ કુમાર ચોક્સી (તમામ રહે.ચંદનબાળા ફ્લેટ સુવીધા શોપીંગ સેન્ટર સામે પાલડી) અને (૪) નયનભાઈ કલ્યાણભાઈ સુતરીયા (રહે.તુલસી વિહાર સોસાયટી ખાનપુર) એ ભેગા મળી સંજીવભાઇને વિશ્વાસમાં લઇ તેઓ પાસેથી આજદીન સુધી રોકડ તેમજ બેંક લોન અને લોનના વ્યાજ અને લોનના ખર્ચા સહિતના કુલ રૂપિયા ૧,૫૭,૦૦,૦૦૦/- મેળવી લઈ તેમજ સંજીવભાઇના મિત્ર કલ્પેશભાઈ શાહ પાસેથી કુલ રૂપિયા ૧૮,૩૬,૦૦૦/- મેળવી લઈ, સંજીવભાઇને માણેકચોક ખાતેની દુકાન તેમજ ચુકવેલ રૂપિયા પરત નહી આપી તેમજ મિત્ર કલ્પેશભાઈ શાહ નાઓને મકાનનો રજીસ્ટર દસ્તાવેજ કરી તે મકાન નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એમ.ગામેતી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૯૨૧/૨૦૨૦**

**કૃષ્ણનગરઃ** મીનાક્ષીબહેન ગીરીશભાઈ ગોહિલ (રહે.કમલ ડુપ્લેક્ષ નીલસાગર ટેનામેન્ટ સામે એસ.બી.આઇ.બેંક પાસે કઠવાડા રોડ નવા નરોડા) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૧૧/૨૦૨૦ કલાક ૪/૧૦ થી કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાની બંગડી નંગ-૪ કિમત રૂપિયા ૩૧,૨૦૦/-, સોનાનો દોરો પેડલ સાથે કિમત રૂપિયા ૧૬,૮૦૦/-, સોનાની બુટ્ટી નંગ-૨ કિમત રૂપિયા ૩,૯૦૦/- અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૧,૯૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.ચૌહાણ ચલાવે છે.

## <u>ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૯૨૨/૨૦૨૦</u>

**શહેરકોટડાઃ** દર્શનસિહ મહેન્દ્રસિહ (રહે.રાધે ઉપવન સોસાયટી સોમનાથ બસ સ્ટેન્ડ જોગણી માતાના મંદિર પાસે સરખેજ સાણંદ હાઇવે તા.સાણંદ જિલ્લો-અમદાવાદ) એ તા.૦૬/૧૧/૨૦૨૦ સાજના ૭/૦૦ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન અમદુપુરા એન.કે.માર્કેટ મુખ્ય દરવાજા બહાર "બદરી સ્ટોર્સ" નામની દુકાન આગળ પાર્ક કરેલ પોતાની છોટા હાથી ગાડીના દરવાજાનો કાચ તોડી ગાડી માંથી પર્સની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. જે પર્સમાં રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/- હતા. આ અંગેની ફરીયાદ દર્શનસિહ એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એલ.જેબલીયા ચલાવે છે.

**સાબરમતીઃ** રાજુભાઇ કાંતીભાઇ પટેલ (રહે.રત્નાકર ફ્લેટ પાણીની ટાંકી પાસે રામનગર સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૧૧/૨૦૨૦ બપોરના ૩/૧૫ થી ૩/૩૦ વાગ્યા દરમ્યાન ઓટો રિક્ષા નંબર ૩૩૧૨ માં આવેલ અજાણી સ્ત્રી, રીક્ષા ચાલકની મદદગારીથી રાજુભાઈની નજર ચુકવી રામનગર ખાતે આવેલ પોતાની "જય અંબે કંગન સ્ટોર" નામની દુકાન આગળ પાર્ક કરેલ પોતાના એક્ટીવા આગળના ભાગે મુકેલ કટલરીનો સામાન ભરેલો થેલો કુલ કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

## <u>વાહન ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૯૨૩/૨૦૨૦</u>

**વસ્ત્રાપુરઃ** પ્રકાશભાઇ ગોવિંદભાઇ પાઘડાર (રહે.ગુલાબ વાટીકા સોસાયટી અમિન માર્ગ રાજકોટ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૧૧/૨૦૨૦ રાતના ૯/૦૦ થી તા.૦૬/૧૧/૨૦૨૦ સવારના ૫/૪૫ વાગ્યા દરમ્યાન બોડકદેવ જજીસ બંગ્લા રોડ રુદ્ર પ્લાઝા નજીક પાર્ક કરેલ પોતાની બોલેરો ગાડી નંબર જીજે ૦૩ બીટી ૬૦૭૩ કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. જે ગાડીમાં બિલીંગ કોમ્પયુટર લેઝર પ્રિન્ટર અને વજન કાંટો મળી કિમત રૂપિયા ૮૮,૩૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.ડી.મકવાણા ચલાવે છે.

**રાણીપઃ** સંજયભાઇ જેસીંગભાઇ ઠાકુર (રહે.કસ્તુરબા સ્મૃતિકુંજ સોસાયટી સુર્યનગર સોસાયટીની બાજુમાં આશ્રય હોટલ સામે ગાંધી આશ્રમ સુભાષબ્રીજ રાણીપ) એ તા.૦૫/૧૧/૨૦૨૦ રાતના ૧૧/૪૫ વાગે પોતાના રહેણાંક નજીક પોતાની સ્કોર્પીઓ કાર નંબર જીજે ૦૧ એચએક્સ ૨૬૫૮ કિમત રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૦૬/૧૧/૨૦૨૦ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ સંજયભાઇ ઠાકુરે રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી પ્રદિપકુમાર થાવરાભાઈ ચલાવે છે.

**સાતમા માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૯૨૪/૨૦૨૦**

**સોલા હાઇકોર્ટઃ** સોલા ગામ માલાણી નવી બનતી પ્રધાન મંત્રી આવાસ યોજના ખાતે રહેતા અને ત્યાં જ મજુરી કામ કરતા શફીકઆલમ શહીમુદીન આલમ (મુળ વતન. ગામ-લક્ષ્મીપુર થાના-કોરોબારી જી-કીશનગઢ બિહાર) તા.૦૧/૧૧/૨૦૨૦ સાજના ૬/૧૫ વાગ્યાના સુમારે સોલા પ્રધાન મંત્રી આવાસ યોજના માલાણી નવી બનતી સાઈટ ખાતે સાતમા માળેથી પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૧૧/૨૦૨૦ કલાક ૧/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરસિંહભાઇ નાનજીભાઇ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૯૨૫/૨૦૨૦**

**રીવરફ્રંટ વેસ્ટઃ** સીરાજ હબીબભાઈ રંગરેજ (ઉ.વ.૨૩)(રહે.શાહઆલમ ચંગેળા નવાબ ચોક શાહઆલમ) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૧/૨૦૨૦ કલાક ૦૦/૨૦ વાગ્યા પહેલા રિવરફ્રન્ટ પશ્ચીમ તરફના ભાગે આંબડેકર બ્રિજ નીચે રીવરફ્રન્ટ વોક-વે નજીક નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

**ચાંદખેડાઃ** અજય પપ્પુભાઇ માથુર (ઉ.વ.૨૬)(રહે.સિધ્ધિદાતા અદિતી ગ્રીનઓરા પાસે, ત્રાગડ રોડ, ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૫/૧૧/૨૦૨૦ સાજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૬/૧૧/૨૦૨૦ કલાક ૧૧/૦૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રભાઇ ભગવાનરાવ ચલાવે છે.

**રીવરફ્રંટ ઇસ્ટઃ** નરેશભાઇ ખીમજીભાઇ સોલકી (ઉ.વ.૪૮)(રહે.ગલાજીની ચાલી વિભાગ-૨ દિલ્હી દરવાજા બહાર સરકારી લીથો પ્રેસ સામે દુધેશ્વર રોડ માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૧/૨૦૨૦ બપોરના ૨/૪૫ વાગ્યા પહેલા રીવર ફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૭ નજીક નદીના પાણીમા ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિહ મફતાજી ચલાવે છે.

**ખોખરાઃ** કલ્પેશ મગનભાઇ મરાઠા (ઉ.વ.૪૯)(રહે.ઘનશ્યામ પાર્ક મહીસાગર કોલોની ખોખરા) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૧/૨૦૨૦ સાજના ૫/૪૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.વાઘેલા ચલાવે છે.

**અમરાઇવાડીઃ** હર્ષદ ભરતભાઇ પરમાર (ઉ.વ.૩૦)(રહે. નારણપીઠાની ચાલી વિભાગ-૨ મેટ્રો પિલ્લર નં-૪૦ પાસે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૧/૨૦૨૦ બપોરના ૨/૫૫ વાગ્યા પહેલા પોતાના ઘરે માળીયાના લાકડાની એંગલના હુક સાથે સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

**કાગડાપીઠઃ** વિનોદભાઇ પાંચાભાઇ મુંધવા (ઉ.વ.૪૦)(રહે.બળદેવનગરની ચાલી મજુર ગામ ત્રણ રસ્તા પાસે) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૧/૨૦૨૦ સવારના ૧૦/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પંકજભાઇ ચલાવે છે.

**નારોલઃ** મહેશભાઇ પરદેશી વર્મા (ઉ.વ.૨૧)(રહે. શક્તિનગર સૈજપુર ગોપાલપુર ગામ-નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૧/૨૦૨૦ કલાક ૧૧/૧૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે છતમાં લગાવેલ લોખંડની પાઇપ સાથે લુંગી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિહ ભગતવસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી